ફોજદારી પરચુરણ અરજી નં.૧૭૧/૨૦૨૬.

**જેતપુર સીટી પોલીસ સ્ટેશન પાર્ટ–સી ગુના નં.૦૫૪૭/૨૦૨૫, પ્રોહિબિશન એક્ટની કલમ–૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૩, ૮૧, ૯૮(૨)ના કામે આરોપી રાહુલભાઈ બોદાભાઈ ઉર્ફે બોઘાભાઈ વકાતર રહે.રાજકોટ કણકોટ રોડ, પંચરત્ન પાર્ક, પ્લોટ નં.૫૫૭, વડલાની સામેની શેરી રાજકોટ મુળ રહે.વેગડી તા.ધોરાજી જી.રાજકોટની જામીન અરજી લગત હુકમ.**

---

૧. સદરહુ ગુનામાં હાલ આ કામના આરોપી રાહુલભાઈ બોદાભાઈ ઉર્ફે બોઘાભાઈ વકાતર રહે.રાજકોટ કણકોટ રોડ, પંચરત્ન પાર્ક, પ્લોટ નં.૫૫૭, વડલાની સામેની શેરી રાજકોટ મુળ રહે.વેગડી તા.ધોરાજી જી.રાજકોટ ની સામે પ્રોહિબિશન એક્ટની કલમ–૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૩, ૮૧, ૯૮(૨) મુજબનો ગુનો નોંધાયેલ છે, ઉપરોક્ત આરોપીએ જામીન મુકત થવા બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૦ હેઠળ સદરહુ જામીન અરજી આપી છે.

૨. આરોપી તરફે વિ.વ.શ્રીનાઓએ દલીલો દ્વારા ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, આરોપી તદ્દન નિર્દોષ ઈસમ છે, આરોપીએ કોઈ ગુનો કરેલ નથી, અમારી પાસેથી કોઈ મુદ્દામાલ પકડાયેલ નથી. અમો કોઈ ગુનાહિત પ્રવૃતિમાં જોડાયલ નથી. અમો નામદાર કોર્ટની બધી શરતોનું પાલન કરીશું. તેમજ અન્ય આરોપીઓને નામ.સેશન્સ કોર્ટ દ્વારા જામીન ઉપર છોડેલ હોય જેથી પેરીટીનો લાભ આપી જામીન અરજી મંજૂર કરવા અરજ કરેલ છે.

૩. વિ.સ્પે.પી.પી.શ્રી. કે.બી.ડોડીયા નાઓએ વિડીયો કોન્ફરન્સનાં માધ્યમથી રજૂઆત કરેલ છે કે, સદર ગુનામાં આરોપીની મોટી સંડોવણી છે તેમજ ગુન્હાની સજાની જોગવાઈના આધારે આરોપીને જામીન પર મુક્ત ન કરવા અરજ કરેલ છે. વધુમાં પ્રોહિબિશન પ્રતિબંધિત વિસ્તારમાં ઈંગ્લીશ દારૂની નાની મોટી બોટલો કિંમત રૂ.૬૧,૦૪,૨૮૦/-તેમજ વાહનો તેમજ સોડા એસ સાથે કુલ કિ.રૂ.૯૯, ૬૧, ૭૯૯/- નો મુદ્દામાલ વિપુલ પ્રમાણમાં મળી આવેલ હોય જેથી આરોપીએ ગંભીર ગુનો કરેલ હોય હાલની આ જામીન અરજી નામંજૂર કરવા નમ્ર અરજ કરેલ છે.

૪. બંને પક્ષોની દલીલો સાંભળી, જામીન અરજી તથા પોલીસ પેપર્સ વંચાણે લીધા. પોલીસ પેપર્સ ઉપરથી આ તબક્કે એવું સ્પષ્ટપણે જણાઈ આવે છે કે, સદર ગુનામાં પ્રોહિબિશન પ્રતિબંધિત વિસ્તારમાં ઈંગ્લીશ દારૂની નાની મોટી બોટલો કિંમત રૂ.૬૧,૦૪,૨૮૦/-તેમજ વાહનો તેમજ સોડા એસ સાથે કુલ કિ.રૂ.૯૯, ૬૧, ૭૯૯/-નો મુદ્દામાલ વિપુલ પ્રમાણમાં પકડવામાં આવેલ છે. સદર ગુનામાં ફરિયાદ મુજબ સદર આરોપીએ પ્રોહિબિશન ગુનામાં મુખ્ય ભાગ લીધેલ હોવાનું પ્રથમ રીતે જણાઈ આવે છે. ગુજરાતમાં પ્રોહિબિશન દારૂની કડક બંધી હોવા છતાં આવા ગુનાઓના પ્રમાણમાં વધારો થતો રહ્યો છે. સદર ગુનામાં સજાની જોગવાઈ ખુબ કડક છે. પ્રોહિબિશનનો ગુનો સમાજ વિરુદ્ધનો ગુનો છે તથા આવા ગુનામાં જો આરોપીને જામીનમુકત કરવામાં આવે તો તેની સમાજમાં વિપરીત અસર પડે તથા આવા ગુનામાં ઉત્તેજન મળે તેમ હોઈ, આવા સમાજ વિરુદ્ધના ગંભીર ગુનામાં આરોપીને જામીનમુકત કરવા કોઈપણ રીતે વાજબી અને

ન્યાયી નથી તેમ હું માનું છું. પરિણામે હું નીચે મુજબનો હુકમ કરું છું.

**//હુકમ//**

આરોપીની સદરહુ જામીન અરજી આથી ના–મંજૂર કરવામાં આવે છે.

સદરહુ હુકમ આજરોજ તારીખઃ૧૨, માહેઃમાર્ચ, સનેઃ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખઃ– ૧૨/૦૩/૨૦૨૬.**

**સ્થળઃ– જેતપુર.**

**(ધવલકુમાર મીઠાભાઈ પરમાર)**

**જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**

**જેતપુર**

**કોડ નં.જી.જે.૦૧૫૬૩**